મુખ્યમંત્રીએ સન્માન બદલ આભાર માન્યો

ગાંધીનગરમાં મુખ્યમંત્રી, ભાજપા પ્રદેશ પ્રમુખનો સન્માન સમારોહ યોજાયો

સાબરકાંઠા-અરવલ્લી સહીત ઉત્તર ગુજરાતના આંજણા પાટીદારો ઉમટ્યા

બાયડ, તા. ૧

શ્રી આંજણા ચૌધરી સેવા મંડળ અને પ્રમુખ ગૃપ-ગાંધીનગર દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલનો યાદગાર સન્માન સમારોહ ગતરોજ પ્રમુખ ગ્રીન પાર્ટી પ્લોટ-સરગાસણ-ગાંધીનગર ખાતે યોજાયો. આંજણા પાટીદાર સમાજ દ્વારા ભવ્ય સન્માન બદલ તેઓએ સમાજનો આભાર માની તમે મને સરળતાથી કહી શકો છો તેવુ કડી કોમનમેન તરીકેના પોતાના સરળ સ્વભાવની સૌને પ્રતિતિ કરાવી હતી.

રાજકીય ક્ષેત્રે આંજણા પાટીદાર સમાજની આગવી ઓળખ રહેલી છે. સમાજની એકતા એ મોટુ સંગઠન રહ્યું છે. ગજરોજ રાજ્યના નવા મુખ્યમંત્રી, પ્રદેશ અધ્યક્ષ તેમજ રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી, પૂર્વમંત્રી શંકરભાઈ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, દૂધ સાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરીની

ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીનું ભવ્ય સન્માન કરવામાં આવ્યુ હતુ. આંજણા ચૌધરી સમાજની રાજકીય કુનેહને મુખ્ય રાજકીય પક્ષો પારખી ચૂક્યા છે ત્યારે ગતરોજના વિરાટ સત્કાર સમારંભમાં ઉપસ્થિત મુખ્યમંત્રીએ આપ સૌના સહકારથી મારે રાજ્યના સર્વોત્તમ વિકાસ માટે ઘણુ કરવાનું બાકી છે તેમ જણાવ્યુ હતુ. કાર્યક્રમમાં ડી.એસ. ચૌધરી, ફલજીભાઈ ચૌધરી, કોર્પોરેટર શંકરભાઈ ચૌધરી, અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. ચૌધરી, પવન ચૌધરી, ચિરાગ પટેલ સહીત સમાજના અગ્રણી યુવા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રમુખ ગૃપ ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યુ. જેમાં મુકેશભાઈ ચૌધરી, કનુભાઈ ચૌધરી, સતિષભાઈ ચૌધરી મુખ્ય સહયોગી રહ્યા હતા. કાર્યક્રમમાં ભારે વરસાદ છતાં સાબરકાંઠા અરવલ્લી સહીત ઉત્તર ગુજરાતમાંથી આંજણા પાટીદારો ઉપસ્થિત રહ્યા હતા.

બાયડમાં એક્સિસ બેન્કની ૩૭૫મી શાખાનો શુભારંભ

બાયડ એ.પી.એમ.સી. ચેરમેને નવિન શાખાને ખુલ્લી મુકી : બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ, ડોક્ટરો, કેળવણીકારોની ઉપસ્થિતિ

બાયડ, તા. ૧

બાયડના આર.આર. સીટી સેન્ટરમાં એક્સિસ બેન્કની ૩૭૫મી શાખાનો શુભારંભ થયો ત્યારે ખાસ આમંત્રિતો હાજર રહ્યા હતા. બાયડ એ.પી.એમ.સી. ચેરમેન, કડવા પાટીદાર સમાજ અગ્રણી, સાબરડેરી પૂર્વ ચેરમેન બાબુભાઈ મથુરભાઈ પટેલના હસ્તે નવીન બ્રાન્ચનું લોકાર્પણ કરાયુ. ત્યારે બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવીણ એમ. પટેલ, સહકારી-વેપારી આગેવાન મુકેશભાઈ શાહ, ડૉ. અલ્પેશભાઈ પટેલ, અતુલભાઈ બી. પટેલ સહીત અનેક આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

એક્સિસ બેન્કનો બાયડમાં શુભારંભ થતાં બાયડની પ્રતિષ્ઠામાં વધારો થવાની સાથે પ્રજા-વેપારી-ઉદ્યોગકારો-સરકારી કર્મચારીઓ માટે બેન્ક અત્યંત ઉપયોગી સાબિત થશે તેમ આમંત્રિતોએ જણાવ્યુ હતુ. બાયડનગર જિલ્લામાં સૌથી વધુ ઝડપી વિકસતુ નગર ઉપર મેડીકલ-શિક્ષણક્ષેત્રે અગ્રેસર છે ત્યારે બાયડ તેમજ તાલુકાની પ્રજા બેન્કનો મહત્તમ લાભ લે તેવુ ગુજરાત સર્કલ હેડ મૃગેશ સુથારે જણાવ્યુ હતુ. કાર્યક્રમના આરંભે હિંમતનગર સર્કલ હેડ હીમાંશુ શર્માએ સર્વ આમંત્રિતોને આવકાર્યા હતા. બ્રાન્ચ હેડ પરાગ મહેતાએ તમામ ગ્રાહકોને ઉત્તમ સેવા પૂરી પાડવાની કટીબદ્ધતા વ્યક્ત કરી હતી. બાયડના આંગણે પ્રથમવાર એક્સિસ બેન્કની શાખાનો શુભારંભ થતાં નગરજનોમાં વ્યાપક ખુશાલી જોવા મળી.

સહકારી માળખુ ભ્રષ્ટાચારની નાગચૂડમાં

સાબરકાંઠા-અરવલ્લીની ૧૧૮ દૂધ મંડળીઓને ખંભાતી તાળાં : લાખોની ઉચાપત, ફરીયાદ, ધરપકડ પછી મુક્ત થઈ વિહરતા કૌભાંડીઓ

બાયડ, તા. ૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની સહકારી સંસ્થાઓ ક્રમશઃ ભ્રષ્ટાચારની નાગચૂડમાં ફસાઈ રહી છે. અત્યાર સુધીમાં સત્તાવાર આંકડા મુજબ ભ્રષ્ટાચારના ગ્રહણથી બન્ને જિલ્લામાં કુલ ૧૧૮ દૂધમંડળીઓ બંધ કરવામાં આવી છે તેમજ ૧૫ ટકાથી વધુ દૂધ મંડળીઓ સામે ઉચાપત-અનિયમીતતાની ફરીયાદો છે.

પાછલા વર્ષોમાં સહકારી સંસ્થાઓ પ્રત્યે દૂધ ઉત્પાદકો, ખેડૂતોનો વિશ્વાસ ડગમગી રહ્યો છે. પરંતુ અન્ય સાથેનો પનારો દૂધ-ઉત્પાદકો-ખેડૂતો છોડી શકતા નથી. જિલ્લાની દૂધ મંડળીઓના કેટલાક સેક્રેટરી, ટેસ્ટર તથા સ્ટાફ સામે ગંભીર આક્ષેપ થાય તપાસ થાય પછી આવા સ્ટાફને છૂટો કરી સંતોષ માનવામાં આવે છે. સહકારી નવા કાયદામાં સુધારા પછી પણ સહકારી સંસ્થાઓમાં ભ્રષ્ટાચાર અટકવાનુ નામ લેતો નથી. જ્યારે કેટલાક ભ્રષ્ટ કિસ્સાઓમાં ઓડીટરોની પણ ભુંડી ભૂમિકા સામે આવી છે. જ્યાં સુધી ભ્રષ્ટાચારી કર્મચારી-પદાધિકારી-ઓડીટરો સામે સપ્તાઈભર્યા પગલાની જોગવાઈ નહી થાય ત્યાં સુધી પશુપાલકોની પશીનાની કમાઈ ભ્રષ્ટાચારીઓ ઓળખી જશે. જિલ્લાની દૂધ મંડળીઓમાં અત્યાર સુધી ૬૦ લાખથી વધુની ઉચાપત, ભ્રષ્ટાચાર થયાનું અનુમાન છે પરંતુ કૌભાંડીઓને લીલાલહેર જેવી સ્થિતિ છે.

પોલીસના લોક દરબારની અસર

જિલ્લામાં વ્યાજે રૂપિયા ધીરતા "દાદા"ઓની દુકાનોના શટર પડ્યા : જરૂરીયાતમંદો પણ વ્યાજે રૂપિયા લેવા ફાંફે ચડ્યા

બાયડ, તા. ૧

અરવલ્લી જિલ્લાના મોડાસા-ધનસુરા તાલુકામાં વ્યાજખોરોનો ત્રાસ હોય તેવા લોકો માટે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં પોલીસનો લોક દરબાર યોજાયા પછી વ્યાજે રૂપીયા ધીરતા "દાદા"ઓની દુકાનોના શટર પડી રહ્યા છે. લીલા ભેગુ સુકુ બળે તે રીતે જરૂરીયાતમંદોના ઓછા વ્યાજે પૈસા આપતા શાહુકારોએ પણ મો ફેરવી લેતાં આવનારા મહીનામાં તેની દૂરોગામી અસરો પડી શકે છે.

જિલ્લામાં આત્મહત્યા-ઝેરી દવા પીવાનું પ્રમાણ ભયજનક રીતે વધ્યુ છે. મોટા ભાગના કિસ્સામાં આર્થિક સંકળામણ, વ્યાજખોરોનું દબાણ તેના કેન્દ્રમાં હોવાનું માનવામાં આવ્યું છે. જિલ્લામાં વ્યાજખોરોએ અનેકને ચૂંસી લીધા કેટલાક કિસ્સાઓમાં વ્યાજે રૂપીયા લેનારાઓએ દવા પીવાના તરકટ રચી પૈસા પડાવ્યાના કિસ્સા પણ જગજાહેર છે. કેટલાક કિસ્સામાં પોલીસ પણ માલામાલ બની ગઈ. ત્યારે જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયેલા પીડીતોને લોક દરબારના નેજા હેઠળ એક મંચ ઉપર બોલાવી વ્યાજખોરોને સાણસામાં લેવાના પ્રયાસ કર્યા પરંતુ ત્યાર પછી કાર્યવાહી કર્યા સુધી પહોંચી તેની વિગતો જાહેર થતા લોકદરબારમાં પહોંચેલી વિગતો પછી વ્યાજે ધીરનારાઓનું કોઈ બારોબાર તેલ કાઢતુ નથી ને!! તેની તપાસ કરવાનો સમય પાકી ગયો છે. લોક દરબારમાં રજૂ થયેલી ફરીયાદોની પારદર્શક તપાસ થશે તો જ વ્યાજખોરોથી ત્રાસેલા અન્ય લોકો ખુલીને સામે આવશે.

લીંબડીયા ગામે ક્લિન ઈન્ડિયા પ્રોગ્રામ અંતર્ગત સ્વચ્છતા અભિયાન યોજાયું

ચિલોડા, તા. ૧

ભારત સરકારના ક્લિન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના સૂચવ્યા મુજબ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત ગાંધીનગર તાલુકાના લીંબડીયા ગામે સ્વચ્છતા ઝુંબેશ અન્વયે ગામના સરપંચ હર્ષદભાઈ પટેલ, ગામ આગેવાનો, અધિકારી તેમજ કર્મચારી દ્વારા ગામના જાહેર ચોકમાં સફાઈ કરવામાં આવી ત્યારબાદ ગામે પ્લાસ્ટિક કચરાનુ એકત્રીકરણ કરી તેને એક જગ્યાએ સ્ટોર કરવામાં આવ્યુ હતુ.

અરવલ્લીમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત કાનૂની શિક્ષણ શિબિરો યોજાશે

૨ ઓક્ટોબર થી ૧૪ નવેમ્બર સુધી જીલ્લાના તાલુકાઓમાં તથા ગામડાઓના લોકોને મફત કાનૂની તથા સરકારની વિવિધ યોજનાથી માહિતગાર કરાશે

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જીલ્લા કાનૂની સેવા સતા મંડળ, અરવલ્લી ધ્વારા કેન્દ્ર તથા રાજ્ય સરકારના "આઝાદી કા અમૃત મહોત્સવ" ના ભાગરૂપે તા.૨ ઓક્ટોબર થી ૧૪ નવેમ્બર ૨૦૨૧ના સમયગાળા દરમ્યાન સમગ્ર અરવલ્લી જીલ્લાના તાલુકાઓમાં તથા ગામડાઓના લોકોને મફત કાનૂની સહાયો તથા સરકારની વિવિધ યોજનાઓ વિશે માહીતગાર કરી શકાય તે માટે કાનૂની શિક્ષણ શિબિરો યોજાશે.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના સામાન્ય લોકોને લાભ મળી શકે માટે અરવલ્લીના મેઘરજ તાલુકામાં ૫ ઓક્ટોબરના રોજ નામ. નાલ્સાના માર્ગદર્શન હેઠળ મેગા લીગલ સર્વિસ તથા મોડાસા તાલુકામાં એમ.એલ.ગાંધી કોલેજ ખાતે કાનૂની કેમ્પ પણ યોજાશે. એમ અરવલ્લી જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળની અખબારી યાદીમાં જણાવાયું છે.

બાયડનો "મુરાદ" લાલ લાઈટવાળુ વાહન જોતા જ વિદેશી દારૂની બોટલ બગલમાં ભરાવી ભાગ્યો

ચોઈલા રોડ રેલવે ફાટક પાસે વિદેશી દારૂની બે રોકટોક વેચાણ

હિંમતનગર, તા. ૧

બાયડના ચોઈલા રોડ રેલવે ફાટક પાસે પોલીસની કોઈ પણ પ્રકારના ડર વગર વિદેશી દારૂનું બે રોકટોક વેચાણ થઈ રહ્યુ છે. ગતરોજ સમી સાંજે બાયડનો મુરાદ વિદેશી દારૂની બોટલ લેવા ગયો ત્યારે ચોઈલા તરફથી લાલ લાઈટવાળુ વાહન આવતુ હોવાનું જોઈ જતાં બગલમાં બોટલ ભરાવી ભાગવાની નોબત આવી હતી.

બાયડ પોલીસ સ્ટેશનની હદ ગુનાખોરી માટે કુખ્યાત થઈ છે. ધોળે દાડે સિનીયર સિટીજન્સના લાખોની રોકડ રકમની તસ્કરી, લોખંડની સામગ્રી ચોરી અને ક્રાઈમ રેટ નીચો રાખવા મહીલા ઉપર દુષ્કર્મ છતાં ફરીયાદ નથી લેવાના શૃંગાર પોલીસના માથે આક્ષેપના રૂપમાં શોભી રહ્યા છે. હવે બાયડ શહેરની ચારેય દિશા અને તમામ ખુણામાં દેશી-વિદેશી દારૂનો વેપલો જગજાહેર શરૂ થયો છે. જાણે કે ઉપરથી જ સ્ટેન્ડ ચાલુ કરવાની જાણે સૂચના મળી ન હોય..!! ત્યારે બાયડના કુખ્યાત બુટલેગરોએ હવે સીધી લાઈન કરી હોય તેવી રીતે વિદેશી દારૂનો વેપલો શરૂ કર્યો છે.

બાયડનો મુરાદ અત્યાર સુધી દેશી દારૂના પોટલાં આકડીયા, ચોઈલા, સાઠંબાથી મંગાવી ઢીચતો તો..!! પરંતુ કોઈએ કહ્યુ કે ચોઈલા રેલવે ફાટક પાસે વિદેશી દારૂ ફરી વેચાવાનુ શરૂ થયુ છે ત્યારે મુરાદ સમી સાંજે દારૂ વેચાણના સ્થળે પહોંચ્યો ત્યારે ગુજરાતીમાં કહેવત છે ને કે સો વરસે ધણી મળ્યો ત્યારે ઘરનો ધણી આંધળો નિકળ્યો..!! મુરાદે વિદેશી દારૂની બોટલ ભાવની રકજક કરી ખરીદી ત્યાં લાલ લાઈટવાળુ વાહન જોઈ જતાં રૂ. ૫૦૦માંથી બાકીના પૈસા લેવાનુ પડતુ મુકી બોટલ બગલમાં ભરાવી રવાના થઈ ગયો..!! પછી દારૂ ક્યાં જઈને મુરાદે ઢીચ્યો હશે..!! એ તો બાયડની ચતુર પ્રજા જાણે જ છે..!!

ડો. સાર્થકની "સાર્થકતા"

બાયડના ડૉક્ટર દંપતિના પુત્રએ નીટ પીજીમાં ૫૪૮ ગુણ મેળવ્યા : મેડીસીન-ઓર્થોમાં પ્રવેશ મેળવવાની ઈચ્છા

બાયડના જાણીતા ફિજીશીયન ડૉ. સુનિલભાઈ પી. શાહ (આનંદ હોસ્પિટલ, બાયડ) અને ડૉ. ભાવનાબેન શાહ (ડેન્ટીસ્ટ)ના પુત્ર ડૉ. સાર્થક શાહે નીટ પીજીની પરીક્ષામાં ૫૪૮ ગુણ મેળવી ઉજ્જવળ કારકિર્દી તરફ ડગ માંડ્યુ છે. પરિણામ આવતા બાયડ શહેર, વૈષ્ણવ સમાજમાં ખુશાલી છવાઈ છે. ડૉ. સાર્થક શાહની મેડીસીન અથવા ઓર્થોપેડીક્સમાં પ્રવેશ મેળવવાની ઈચ્છા હોવાનું જાણવા મળ્યુ છે.

બાયડના તબીબોના સંતાનો મોટા ભાગે તબીબ વ્યવસ્યામાં જંપલાવી રહ્યા છે. બાયડના જાણીતા ડૉક્ટરોના સંતાનોએ કોરોના કપરાકાળમાં બાયડના કોરોનાગ્રસ્ત દર્દીઓને કાઉન્સેલીંગ કરી પ્રજાના દિલ જીત્યા હતા. ગત મહીને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલમાં પ્રવેશ માટેની નીટ પીજી પરીક્ષા યોજાઈ જેનું પરિણામ જાહેર થતાં બાયડના ડૉ. સાર્થક સુનિલભાઈ શાહ ૫૪૮ ગુણ મેળવી બાયડ શહેરને મેડીકલ ક્ષેત્રે ગૌરવ અપાવતાં બાયડ-ધનસુરા આઈ.એમ.એ.ના સર્વે સભ્યોએ ડૉક્ટર પરિવારને અભિનંદન પાઠવ્યો છે. બાયડ નગરપાલિકા વોર્ડ નં. ૧ ના સભ્યોએ પણ ડૉ. સાર્થક શાહને અભિનંદન પાઠવ્યા હતા.

સાબરકાંઠા જિલ્લામાં આજથી ૮મી ઓક્ટોબર દરમિયાન નશાબંધી સપ્તાહની ઉજવણી

આજે તા.૨ જી ઓક્ટબરના રોજ રાષ્ટ્રપિતા પૂ.મહાત્મા ગાંધીની જન્મ જયંતિ નિમિત્તે આજથી ૮મી ઓક્ટબર, ૨૧ દરમિયાન રાજ્ય વ્યાપી હાથ ધરાનારી નશાબંધી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લામાં પણ ગાંધી સપ્તાહ ઉજવણી અંતર્ગત જિલ્લામાં નશાબંધી અંગે જનજાગૃત્તિના સંખ્યાબંધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરી વિસ્તાર, તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારમાં પણ નશાબંધી સપ્તાહની ઉજવણી દરમિયાન ધાર્મિક સંસ્થાઓના, સેવાભાવી સંસ્થાઓ, વિસ્તારોના પદાધિકારીઓ, આગેવાનો, જનસમૂહના સહયોગથી પ્રભાત ફેરી, વ્યસન મુક્તિ રેલી-સંમેલન, સ્પર્ધા, મહિલા/યુવા સંમેલન, શિક્ષક સંમેલન ઉપરાંત પરંપરાગત પ્રચાર માધ્યમ અંતર્ગત ભવાઈ, પપેટ-શો જેવા પ્રચાર-પ્રસારલક્ષી કાર્યક્રમો યોજીને નશાબંધી-વ્યસન મુક્તિનો સંદેશો ગુંજતો કરી જનજાગૃત્તિ કેળવવામાં આવશે.

શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ ન થતાં બાળદર્દીઓની મુશ્કેલી વધી

બાયડમાં ધો.-૨માં અભ્યાસ કરતી બાળકીને બન્ને આંખોમાં ખામી : આરોગ્યતંત્ર મદદરૂપ થાય તો જીવન ઉજાશમય બને

બાયડ, તા. ૧

બાયડની વલ્લભનગર પ્રા. શાળામાં ધો. ૨ માં અભ્યાસ કરતી હીના રમેશભાઈ કાંસકીયાની બન્ને આંખમાં ખામી છે. છેલ્લા ૨ વર્ષથી કોરોનાના કારણે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ મુલત્વી રહેતાં ગંભીર બિમારી ધરાવતા બાળ દર્દીઓની મુશ્કેલી વધી છે.

રાજ્યમાં દર વર્ષે નવેમ્બર-ડિસેમ્બરમાં આરોગ્ય વિભાગ દ્વારા બાળ આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજાતો જેમાં કેન્સર, કીડની, ડાયાબીટીસ, હૃદયરોગ, આંખ રોગના અનેક બાળદર્દી મળી આવતા તજજ્ઞ ડૉક્ટરોની તપાસ પછી જરૂર હોય તેવા બાળકોને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મફત સારવાર કરવામાં આવતાં અનેક બાળકોને નવજીવન મળ્યું છે. પરંતુ કોરોનાથી શાળા આરોગ્ય ચકાસણી મુલત્વી રહેતા ધો. ૧-૨ માં પ્રવેશ મેળવનારા ગંભીર બિમારીમાં સપડાયેલા બાળ દર્દીઓની ઓળખ થઈ શકી નથી.

બાયડની વલ્લભનગર પ્રા. શાળામાં ધો. ૨ માં અભ્યાસ કરતી બાળકીને બન્ને આંખોમાં ખામી હોવાથી તેને જોવામાં-અભ્યાસમાં તકલીફ થઈ રહી છે. હાલ રાજ્યમાં ચક્ષુદાન પ્રવૃત્તિ વેગવંતી બની છે ત્યારે જિલ્લા વહીવટીતંત્ર, આરોગ્ય વિભાગ દ્વારા યોગ્ય પ્રયાસ થાય તો બાળકીના અંધકારમય જીવનમાં નવી દ્રષ્ટી મળે તો તેનું જીવન ઉજાસમય બને. જિલ્લા વહીવટીતંત્ર આ મુદ્દે ઝડપી સંવેદનશીલ બને તેવુ શાળા પરિવાર ઈચ્છે છે.

અરવલ્લી કલેકટર કચેરી ખાતે પ્રભારી સચિવની અધ્યક્ષતામાં "Good Governanace"ની સમીક્ષા બેઠક

રાજ્ય સરકારશ્રીના વિવિધ વિભાગોની લોક કલ્યાણકારી યોજનાઓ પરત્વે અગ્રેસર રીતે "Good Governanace" થકી લોકાભિમુખ વહીવટ બાબતે "District Plan" તૈયાર કરવા સુચન કરાયું હતું. જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના કલેકટર કચેરી ખાતે જીલ્લા પ્રભારી સચિવશ્રી રૂપવંતસિંહની અધ્યક્ષતામાં તથા જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની ઉપસ્થિતિમાં "Good Governanace"ની સમીક્ષા બેઠક યોજાઈ. જેમાં જીલ્લાની લોક કલ્યાણકારી વહીવટ પરત્વે સતતપણે આયોજન, અમલીકરણ, અસરકારક નિરીક્ષણ તેમજ ટેકનોલોજીના માધ્યમથી લોકોની સુવિધામાં વધારો થાય અને વહીવટી સેવાઓનું સરલીકરણ થાય તે સારૂ જીલ્લાના કાર્યક્ષેત્ર હેઠળની કામગીરી સંદર્ભે હાલમાં કાર્ય કરવાની પધ્ધતિમાં સુધારણાનો અવકાશ, સુધારણા થકી વહીવટી સેવાઓના સરલીકરણ અને સુચનો સહિત યોજના/સેવાઓનું ટૂંકું પ્રેઝન્ટેશન(PPT) મારફતે જીલ્લામાં કરેલા જુદા-જુદા કામોની વિગતોની ચર્ચા તથા દરેક અધિકારીશ્રીઓ દ્વારા કરેલ કામગીરીની સમીક્ષા કરાઈ હતી.